Liberty Equality Fraternity

SAURASHTRA UNIVERSITY
Babasaheb Dr. B. R. Ambedkar Chair-Centre
[Estb.: Govt. of Gujarat]
Building No.9, Second Floor, University Campus, Rajkot – 360005
Phone No.: (0281) 2578501 (Ext. No.429), E-mail Id: dbachair@sauuni.ac.in, Web : www.bac.org.in

**બાબાસાહેબ ડૉ.બી.આર. આંબેડકર ચેર–સેન્ટર**
**(ગુજરાત સરકારશ્રી દ્વારા સ્થાપિત)**
**સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ–૩૬૦૦૦૫**
**BAC/ ભીમરત્ન એવોર્ડ–૨૦૨૩–૨૪, તા.૨૮/૦૪/૨૦૨૩**

# ભીમરત્ન એવોર્ડ : ૨૦૨૩–૨૪

**વંચાણે લીધા**

(૧) ગુજરાત સરકાર, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ ઠરાવ ક્રમાંક–અબડ/૧૦૨૦૧૬/૬૩૭૦૫ /હ (IWDMS/:-71550) સચિવાલય ગાંધીનગર તા.૨૯/૦૪/૨૦૧૬

(૨) ન.અજાક ગ–૧/૧/૨૦૧૭–૧૮/૨૨૫૪–૫૮ નિયામક અનુસૂચિત જાતિ કલ્યાણ, ૪/૨, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગુજરાત રાજ્ય ગાંધીનગર, તા.૨૦/૦૫/૨૦૧૭ની માર્ગદર્શિકા

(૩) ચેર–સેન્ટરની તા.૨૮/૦૪/૨૦૨૩ની સલાહકાર સમિતિમાં થયેલા નિર્ણયો.

## (૧) પ્રસ્તાવના :

ભારતી ભૂમિની વિશેષતા એ રહી છે કે, સદીઓથી કોઈ નરવીર પોતાના કાર્યથી ભારતીય જીવનને સુવ્યવસ્થિત કરે છે. ડૉ.બી.આર.આંબેડકરજી પણ પોતાના ચિંતન દ્વારા ૧૯મી સદીમાં સામાજિક પરિવર્તનનું કાર્ય કર્યું છે. સાથે સાથે તેનું અનેક ક્ષેત્રમાં પ્રદાન રહ્યું છે. સામાજિક, શૈક્ષણિક, આર્થિક, રાજકીય, ધાર્મિક આ બધા જ ક્ષેત્રોમાં સમાજને પાથેય પૂરું પાડયું છે. ડૉ. આંબેડકરજીના આ વિચારોને સમાજમાં મૂકવા માટે ગુજરાત સરકાર દ્વારા ડૉ. બી. આર. આંબેડકર ચેર–સેન્ટરની સ્થાપના કરી છે. ચેરની ગાઈડ–લાઈન મુજબ અલગ–અલગ પ્રવૃત્તિઓ દ્વારા ડૉ.આંબેડકરજીના ચિંતનને સમાજમાં પ્રસાર કરવા માટે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં બાબાસાહેબ ડૉ.આંબેડકરના મહાપરિનિર્વાણ દિવસ ૬ ડિસેમ્બર–૨૦૧૬થી ચેર–સેન્ટર કાર્યરત છે. ડૉ.બી.આર. આંબેડકર ચેર– સેન્ટર, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી રાજકોટ, દ્વારા એક નવી 'ભીમરત્ન એવોર્ડ'થી વિદ્વાન, લેખકો, અધ્યાપકો, સંશોધકો દ્વારા ડૉ. આંબેડકરના જીવન, કવન અને તત્ત્વજ્ઞાન પર વિશેષ પ્રદાન કરવામાં આવ્યું હોય તેને ઉજાગર કરવા તથા પ્રેરણા અને પ્રોત્સાહન માટે આ યોજના અમલમાં મૂકવામાં આવી.

## (૨) યોજનાનું નામ :

**' ભીમરત્ન એવોર્ડ–૨૦૨૩–૨૪'**

## (૩) યોજનાનું ધ્યેય :

- ડૉ. આંબેડકરજીના સંઘર્ષાત્મક જીવનથી યુવાનોને પ્રેરણા આપનાર અને સમાજસેવામાં ઉત્કૃષ્ઠ પ્રદાન.
- ડૉ. આંબેડકરજીના સામાજિક ન્યાયના ધ્યેયને ચરિતાર્થ કરવા યુવાનોને જાગૃત કરવા.
- ડૉ.આંબેડકરજીના ઉત્તમ જીવનદર્શનને લોકોમાં પ્રસ્થાપિત કરવા.
- ડૉ.આંબેડકરજીના શૈક્ષણિક ચિંતનને જન સમાજ સુધી પહોંચાડવા માટે પ્રેરણા આપવી.
- ભારતીય યુવાનોને લોકશાહીના સિદ્ધાંતોથી અવગત કરવા પ્રેરણા આપવી.

- સમાજ અને રાષ્ટ્ર પ્રત્યે યુવાનો પોતાનું યોગદાન આપી શકે તે માટે રાષ્ટ્રીય ભાવના જાગૃત કરવી.
- સમાજમાં ઉત્કૃષ્ટ કામગીરી કરતા લોકોને પ્રોત્સાહિત કરવા.

## (૪) સન્માન :

આ યોજના અંતર્ગત જે ચેર–સેન્ટરમાં નામાંકન થયેલા અને નોમીનેશન દ્વારા આવેલી અરજીઓમાંથી પસંદગી સમિતિ દ્વારા રાજ્યના એક વ્યક્તિ/સંસ્થાને સન્માન કરવા પસંદગી કરવામાં આવશે. 'ભીમરત્ન એવોર્ડ' માટે પસંદગી થયેલ વ્યક્તિને મોમેન્ટો/પ્રશસ્તિપત્ર અને શાલ દ્વારા સન્માનિત કરવામાં આવશે.

## (૫) પસંદગી સમિતિ :

ભીમરત્ન એવોર્ડ માટેની પસંદગી સમિતિ નીચે પ્રમાણે રહેશે.

(૧) માનનીય કુલપતિશ્રી, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ અથવા પ્રતિનિધિ.
(૨) ચેર–સેન્ટરની સલાહકાર સમિતિના સદસ્યશ્રીઓમાંથી કુલપતિશ્રી દ્વારા નિયુક્ત એક સદસ્ય.
(૩) રાજ્યની સામાજિક અને શૈક્ષણિક ક્ષેત્રે ઉત્કૃષ્ટ કામગીરી કરતા NGOમાંથી એક.
(૪) સામાજિક ન્યાય અને અધિકારિત વિભાગ, ગુજરાત સરકારના પ્રતિનિધિ એક.

આ ચાર સદસ્યોમાંથી ક્રમ ૨ થી ૪ માંથી બે સદસ્યો જરૂરી છે અને કુલ ત્રણ સદસ્યોની કોરમ પૂર્ણ ગણાશે.

## (૬) એવોર્ડનું નામાંકન, જાહેરાત અને અર્પણ :

પ્રતિવર્ષ ૧૪ એપ્રિલના દિવસે માનનીય કુલપતિશ્રી દ્વારા આ એવોર્ડ માટે સન્માનિત વ્યક્તિના નામની જાહેરાત કરવામાં આવશે અને ડૉ. આંબેડકરજીના નિર્વાણ દિવસ નિમિત્તે એવોર્ડ અર્પણ સમારોહ કરવામાં આવશે. આ એવોર્ડ માટેની નિયત નમૂનાની અરજી /નામની ભલામણ ગુજરાત રાજ્યના કોઈપણ વ્યક્તિ વિશેષની ૩૧, જાન્યુઆરી સુધીમાં **"ચેરમેનશ્રી, બાબાસાહેબ ડૉ. બી.આર.આંબેડકર ચેર–સેન્ટર બિલ્ડીંગ–૦૩, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કેમ્પસ, રાજકોટ–૦૫"** રજીસ્ટરપોસ્ટ/સ્પીડપોસ્ટથી મોકવાનું રહેશે.

## (૭) સામાન્ય નિયમો :

(૧) આ યોજના માટે અરજી કરનાર ઉમેદ્વાર દ્વારા છેલ્લા ૧૦ વર્ષમાં શૈક્ષણિક, સામાજિક ક્ષેત્રે ડૉ. આંબેડકરજીના જીવન, કાર્ય અને ચિંતન ઉપર સમાજ ઉપયોગી અને પ્રેરણાદાયિ કાર્ય કરેલ હોવું જોઈએ.
(૨) બાબાસાહેબ ડૉ. બી.આર. આંબેડકર ચેર–સેન્ટરના ઉદ્દેશ્યોને સિદ્ધ કરતા હોય તેવા કાર્યો છેલ્લા ૧૦ વર્ષમાં કરેલા હોવા જોઈએ.
(૩) સામાજમાં સ્વીકૃત અને પ્રશંસનીય ઉત્તમ કાર્યો અને ડૉ. આંબેડકરજીના ચિંતનને સમાજના છેવાડાના માનવી સુધી શૈક્ષણિક, સામાજિક સંશોધનાત્મક કાર્યો દ્વારા પ્રસરાવ્યું હોય તેવા વ્યક્તિ વિશેષ આ એવોર્ડ માટે વ્યક્તિગત અરજી કરી શકે છે.
(૪) રાષ્ટ્રપતિ, વડાપ્રધાનશ્રીઓના હસ્તે એવોર્ડ પ્રાપ્ત મહાનુભાવો આ એવોર્ડ માટે સમાજમાં વિશિષ્ટ પ્રદાન કરનાર વ્યક્તિ વિશેષના નામની ભલામણ કરી શકે છે.
(૫) ગુજરાત રાજ્ય સરકાર દ્વારા આપવામાં આવતા ડૉ. આંબેડકર એવોર્ડ પ્રાપ્ત મહાનુભાવો આ એવોર્ડ માટે સમાજમાં વિશિષ્ટ પ્રદાન કરનાર વ્યક્તિ વિશેષના નામની ભલામણ કરી શકે છે.
(૬) આ એવોર્ડ માટે વ્યક્તિગત અરજી કરનાર વ્યક્તિ વિશેષે પોતાના છેલ્લા ૧૦ વર્ષમાં સામાજિક અને શૈક્ષણિક ક્ષેત્રે કરેલા વિશિષ્ટ પ્રદાન અને સમાજ માટે પ્રેરણાદાયી કાર્યો કર્યા હોય તેના આધાર સાથે અરજી કરવી.
(૭) રાજ્યની યુનિવર્સિટીઓના કુલપતિશ્રીઓ આ એવોર્ડ માટે વ્યક્તિ વિશેષના નામની ભલામણ કરી શકશે.
(૮) આ નિયમોમાં ફેરફાર કરવાનો, સુધારા કરવાનો અંતિમ નિર્ણય યુનિવર્સિટીના કુલપતિશ્રીનો રહેશે.

# ભીમરત્ન એવોર્ડ–અરજી / ભલામણ પત્રક નમૂનો

**(A) ભીમરત્ન એવોર્ડ માટે જે વ્યક્તિ વિશેષના નામની ભલામણ કરવામાં આવે છે તેમની વિગત**

(૧) નામ : ____________________

(૨) જન્મ તારીખ : ____________ (૩) જન્મ સ્થળ : ____________

(૪) કાયમી સરનામું : ____________________

(૫) મોબાઈલ નંબર ____________ ____ (૬) ઈ–મેઈલ ____________

(૭) શૈક્ષણિક લાયકાત : (ધો–૧૦ થી શરૂ કરીને) ____________________

____________________

**(B) શૈક્ષણિક અને સામાજિક ક્ષેત્રે છેલ્લા ૧૦ વર્ષમાં કરેલી વિશિષ્ટ કામગીરીની વિગત**

____________________

**(C) ભીમરત્ન એવોર્ડ–૨૦૨૩–૨૪ની પસંદગી માટેની ૧૦ પ્રમુખ સિદ્ધિઓ/કામગીરીઓ**

____________________

**(D) ભીમરત્ન એવોર્ડ માટે આપની પસંદગી થશે તો સમાજમાં શું સકારાત્મક અસર થશે ? તે વિશે પાંચ વાકયો લખો.**

____________________

____________________

____________________

**(E) નોમીનેશન/ભલામણ કરનાર વ્યક્તિ વિશેષની વિગત**

(૧) નામ : ____________ (૨) હોદ્દો : ____________

(૩) જન્મ તારીખ : ____________ (૪) જન્મ સ્થળ : ____________

(૫) કાયમી સરનામું : ____________________

(૬) મોબાઈલ નંબર : ____________ (૭) ઈ–મેઈલ : ____________

(૮) મેળવેલ એવોર્ડ કે સન્માનની વિગત : ____________________

## પ્રતિજ્ઞા

બાબાસાહેબ ડૉ. ભીમરાવ રામજી આંબેડકર ચેર–સેન્ટર, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ દ્વારા 'ભીમરત્ન એવોર્ડ–૨૦૨૩–૨૪'' પસંદગી માટે રજૂ કરવામાં આવેલી વિગત સત્ય છે જેની હું ખાત્રી આપું છું.

____________________ ____________________

**ભલામણ કરનાર વ્યક્તિ વિશેષનું નામ અને સહી** **અરજી કરનાર વ્યક્તિ વિશેષનું નામ અને સહી**